## Admission Committee For Professional Diploma Courses (ACPDC) -2015-16
## INSTITUTEWISE/ COURSEWISE -VACANT SEATS
## AFTER REPORTING OF ROUND-2 AS ON 23-07-2015

| | | | |
|---|---|---|---|
| GIA | T. F. GANDHIDHAM POLYTECHNIC,ADIPUR(KUTCH)(GIA) | CDDM-FIRST SHIFT | 1 |
| | | CIVIL ENGG.-FIRST SHIFT | 1 |
| | | MECHANICAL ENGG-FIRST SHIFT | 1 |
| | | TOTAL | 3 |

| | | | |
|---|---|---|---|
| SFI | TOLANI FOUNDATION,GANDHIDHAM POLYTECHNIC,ADIPUR,(KUTCH)(SFI) | CIVIL ENGG.-FIRST SHIFT | 2 |
| | | COMPUTER ENGG.-FIRST SHIFT | 1 |
| | | ELECTRICAL ENGG-FIRST SHIFT | 7 |
| | | MECHANICAL ENGG-FIRST SHIFT | 3 |
| | | TOTAL | 13 |

# એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સિસ

પ્લાસ્ટીક એન્જી. બિલ્ડીંગ, સરકારી પોલિટેકનિક,પાંજરાપોળ પાસે, આંબાવાડી, અમદાવાદ :૧૫.

## ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયા બાદ સરકારી / ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓ ખાતે ખાલી રહેલ બેઠકો ઉપર પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોને જાણવા જોગ.

પ્રવેશ વર્ષ : ૨૦૧૫ની ધો.૧૦ પછીનાં વ્યાવસાયિક ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમોમાં ઓનલાઈન પ્રવેશની પ્રક્રિયા તાઃ ૨૩–૦૭–૨૦૧૫ના રોજ સમિતિ ધ્વારા પૂર્ણ જાહેર કરવામાં આવે છે. ત્યારબાદ ખાલી રહેલ બેઠકો ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ કોલેજો/સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી ચુકવણી) નિયમ ૨૦૦૮માં નિયમ–૨૨ "ખાલી બેઠકો" મુજબ ભરવાની થાય છે. જેના અનુસંધાને **સરકારી/ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓ** ખાતે ખાલી રહેલ બેઠકોની માહિતી સમિતિની વેબસાઈટ www.acpdc.in ઉપર મુકવામાં આવેલ છે. ખાલી રહેલ બેઠકો પર (૧) ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવેલ હોય અને પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં સમાવિષ્ટ હોય (૨) પ્રવેશ યોગ્યતા ધરાવતા પરંતુ ઓનલાઈન રજીસ્ટ્રેશન ન કરાવેલ હોય (૩) બોર્ડ ધ્વારા ચાલુ વર્ષમાં લેવામાં આવેલ પૂરક પરીક્ષામાં બેઠા પછી લાયકી પરીક્ષા ઉત્તિર્ણ કરેલ હોય તથા (૪) પ્રવેશ યોગ્યતા ગુજરાત રાજયની બહારથી મેળવેલ હોય, એવા પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોને પ્રવેશ માટે આખરી તક આપવાનું નકકી કરવામાં આવેલ છે. આવા ઉમેદવારોએ (૧) વેબ સાઈટ ઉપર મુકવામાં આવેલ ખાલી બેઠકોનો અભ્યાસ કરી (૨) પોતાના મેરીટ માર્કસને ધ્યાને રાખી ખાલી બેઠકોની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા જણાવવામાં આવે છે. **ACPDC**

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ખાલી બેઠકોની યાદી વેબસાઈટ www.acpdc.in ઉપર પ્રસિધ્ધિ. | ૨૩–૦૭–૨૦૧૫ |
| ૨ | ઓનલાઈન રજીસ્ટ્રેશન પ્રક્રિયા વેબસાઈટ www.gujdiploma.nic.in | ૨૭–૦૭–૨૦૧૫ થી ૨૯–૦૭–૨૦૧૫ |
| ૩ | મેરીટ લીસ્ટ www.acpdc.in ઉપર તેમજ તમારા એકાઉન્ટમાં પ્રસિધ્ધ. | ૦૩–૦૮–૨૦૧૫ |
| ૪ | ખાલી બેઠકો માટે ઓનલાઈન સંમતિ અને ચોઈસ ફીલીંગ તમારા એકાઉન્ટ ધ્વારા કરવાની રહેશે. | ૦૩–૦૮–૨૦૧૫ અને ૦૪–૦૮–૨૦૧૫ |
| ૫ | ખાલી બેઠકો ઉપર પ્રવેશ ફાળવણી www.acpdc.in ઉપર તેમજ તમારા એકાઉન્ટમાં પ્રસિધ્ધ. | ૦૬–૦૮–૨૦૧૫ |
| ૬ | નિયત ફી આ કાર્યક્રમ પુરતી નિર્ધારીત કરેલ પંજાબ નેશનલ બેંકની શાખામાં જમા કરી પ્રવેશ કાયમ કરવા માટે. | ૦૬–૦૮–૨૦૧૫ અને ૦૭–૦૮–૨૦૧૫ |

જે ઉમેદવારોએ અગાઉ પ્રવેશ વર્ષ : ૨૦૧૫ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવેલ છે, તેવા ઉમેદવારોએ ફરીથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે નહીં. જે ઉમેદવારે અગાઉ રાજીસ્ટ્રેશન કરાવેલ નથી અથવા લાયકી પરીક્ષા બોર્ડ ધ્વારા ચાલુ વર્ષમાં લેવામાં આવેલ પૂરક પરીક્ષામાં ઉત્તિર્ણ કરેલ છે તેવા ઉમેદવારે પંજાબ નેશનલ બેંકની નિર્ધારીત કરેલ શાખાઓ (૧) હરિકૃપા ટાવર, ગુજરાત કોલેજના ગ્રાઉન્ડ પાસે, એલિસબ્રીજ, અમદાવાદ (૨) પોપ્યુલર હાઉસ, આશ્રમ રોડ, અમદવાદ(૩)મહાલક્ષ્મી ડાયમન્ડ સેન્ટર, અનિલ સ્ટાર્ચ રોડ, બાપુનગર, અમદાવાદ (૪) સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ પાસે, બોડકદેવ, વસ્ત્રાપુર, અમદાવાદ (૫) મણિનગર(ઈસ્ટ),અમદાવાદ (૬) ભીડભંજન મહાદેવ મંદિર સામે, રામવાડી, ભાવનગર (૭) સેકટર–૧૬, ધ–૪, ગાંધીનગર (૮)ગ્રાઉન્ડ ફ્લોર, ગુરૂકૃપા કોમ્પલેક્ષ, એલઆઈસી પાસે, ચિત્રા રોડ, ગોધરા (૯) ફર્સ્ટ ફ્લોર, મહાલક્ષ્મી ચેમ્બર્સ, સિવિલ સર્કલ પાસે, ટાઉન પોલિસ સ્ટેશન સામે, હિંમતનગર (૧૦) રણજીત રોડ, જામનગર (૧૧) દિવાન ચોક, જૂનાગઢ (૧૨) બ્લોક નંબર : ૮, સંસ્કૃતિ શોપીંગ સેન્ટર, આઈટી ઓફિસ સામે, આબુ પાલનપુર હાઈવે, પાલનપુર (૧૩) રવિટાવર, પહેલો માળ, પરીમલ સ્કુલ સામે, કાલાવાડ રોડ, રાજકોટ (૧૪) એફ/૮, શ્યામલ વરટીક્ષ, સાધુવાસવાણી રોડ કોર્નર, રૈયા રોડ, રાજકોટ (૧૫) યુ–૨૦ થી યુ–૨૩ સીટી લાઈટ કોમ્પલેક્ષ, ડુમસ રોડ, સુરત (૧૬) મજુરા ભટાર ચાર રસ્તા, મજુરા, સુરત (૧૭) સ્વસ્તીક કોમ્પલેક્ષ, આત્મજયોતિ આશ્રમ રોડ, ઈલોરા પાર્ક, વડોદરા (૧૮) સીએસ નં. ૩/૧/એ, ઈશ્વરકૃપા બિલ્ડીંગ, શેફરોન ટાવર પાસે, ફતેગંજ મેઈન રોડ,ફતેગંજ, વડોદરા(૧૯) ૫–૬,ડ્રીમ આઈકોનીકા, પટેલ એસ્ટેટ, પાટીદાર કોમ્પલેક્ષની બાજુમાં, માંજલપુર, વડોદરા (૨૦) વી. બી. પટેલ રોડ, વી.પી. રોડ, વલસાડ (૨૧)ન્યુ સ્ટેશન રોડ, ભુજ માંથી રૂા. ૨૫૦/– રોકડા ભરી ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે પીન મેળવી લેવાનો રહેશે. આવા ઉમેદવારોએ હેલ્પ સેન્ટરો (૧) સરકારી પોલિટેકનિક,આંબવાડી, અમદાવાદ (૨) આરસીટીઆઈ, સોલા, અમદાવાદ(૩) સરકારી પોલિટેકનિક,સેકટર–૨૬,ગાંધીનગર (૪) પોલિટેકનિક એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા (૫) ડાં.એસ.એન્ડ એસ.એસ.ગાંધી પોલિટેકનિક, સુરત (૬) સરકારી પોલિટેકનિક,વલસાડ (૭) એવીપીટીઆઈ, રાજકોટ (૮) સરકારી પોલિટેકનિક, જૂનાગઢ (૯) સર બીપીટીઆઈ,વિદ્યાનગર, ભાવનગર (૧૦) સરકારી પોલિટેકનિક,વાલસુરા રોડ,જામનગર (૧૧) સરકારી પોલિટેકનિક, એરપોર્ટ રોડ,ભુજ (૧૨) સરકારી પોલિટેકનિક, બામરોલી રોડ,ગોધરા (૧૩) સરકારી પોલિટેકનિક,માલણ ગેટ સામે,આંબાજી રોડ,પાલનુપર (૧૪) સરકારી પોલિટેકનિક,મોતીપુરા, હિંમતનગર. ખાતે જઈને દસ્તાવેજોની ચકાસણી અથવા ડેટાફિએશન કરવા જવાનું રહેશે. ખાલી બેઠકોની આ પ્રવેશ પ્રક્રિયામાં પ્રવેશ મળશે જ તેવી કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી. વધુ વિગત માટે સમિતિની વેબસાઈટ www.acpdc.in જોવા જણાવવામાં આવે છે.

– મેમ્બર સેક્રેટરી.

# એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સિસ

પ્લાસ્ટીક એન્જી. બિલ્ડીંગ, સરકારી પોલિટેકનિક,પાંજરાપોળ પાસે, આંબાવાડી, અમદાવાદ :૧૫.

## ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયા બાદ <u>સ્વનિર્ભર સંસ્થાઓ</u> ખાતે ખાલી રહેલ બેઠકો ઉપર પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોને જાણવા જોગ.

પ્રવેશ વર્ષ : ૨૦૧૫ની ધો.૧૦ પછીનાં વ્યાવસાયિક ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમોમાં ઓનલાઈન પ્રવેશની પ્રક્રિયા તાઃ ૨૩–૦૭–૨૦૧૫ના રોજ સમિતિ ધ્વારા પૂર્ણ જાહેર કરવામાં આવે છે. ત્યારબાદ ખાલી રહેલ બેઠકો ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ કોલેજો/સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી ચુકવણી) નિયમ ૨૦૦૮માં નિયમ–૨૨ "ખાલી બેઠકો" મુજબ ભરવાની થાય છે. જેના અનુસંધાને **સ્વનિર્ભર સંસ્થાઓ** ખાતે ખાલી રહેલ બેઠકોની માહિતી સમિતિની વેબસાઈટ www.acpdc.in ઉપર મુકવામાં આવેલ છે. ખાલી રહેલ બેઠકો પર (૧) ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવેલ હોય અને પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં સમાવિષ્ટ હોય (૨) પ્રવેશ યોગ્યતા ધરાવતા પરંતુ ઓનલાઈન રજીસ્ટ્રેશન ન કરાવેલ હોય (૩) બોર્ડ ધ્વારા ચાલુ વર્ષમાં લેવામાં આવેલ પૂરક પરીક્ષામાં બેઠા પછી લાયકી પરીક્ષા ઉત્તિર્ણ કરેલ હોય તથા (૪) પ્રવેશ યોગ્યતા ગુજરાત રાજયની બહારથી મેળવેલ હોય, એવા પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોને પ્રવેશ માટે આખરી તક આપવાનું નકકી કરવામાં આવેલ છે. આવા ઉમેદવારોએ (૧) જે તે સંસ્થાના નોટિસ બોર્ડ કે વેબ સાઈટ ઉપર મુકવામાં આવેલ ખાલી બેઠકોનો અભ્યાસ કરી (૨) પોતાના મેરીટ માર્કસને ધ્યાને રાખી (૩) સ્વનિર્ભર સંસ્થાઓની ફીને ધ્યાને રાખી સબંધિત સંસ્થાઓ ખાતે, નીચે જણાવેલ કાર્યક્રમ મુજબ, નિયત ફી રૂ. ૨૫૦/– રોકડા ભરીને પ્રવેશ ફોર્મ મેળવી તેજ સંસ્થા ખાતે પ્રવેશ ફોર્મ જમા કરાવવાનું રહેશે. **ACPDC**

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ખાલી બેઠકોની યાદી જે તે **સ્વનિર્ભર સંસ્થા**ના નોટિસ બોર્ડ / વેબસાઈટ ઉપર પ્રસિધ્ધિ. | ૨૭–૦૭–૨૦૧૫ |
| ૨ | જે તે **સ્વનિર્ભર સંસ્થા** ખાતે પ્રવેશ ફોર્મ ભરવાની કાર્યવાહી. | ૨૭–૦૭–૨૦૧૫ થી ૦૩–૦૮–૨૦૧૫ |
| ૩ | જે તે **સ્વનિર્ભર સંસ્થા** ખાતે મેરીટ લીસ્ટ નોટિસ બોર્ડ / વેબસાઈટ ઉપર પ્રસિધ્ધિ. | ૦૪–૦૮–૨૦૧૫ |
| ૪ | જે તે **સ્વનિર્ભર સંસ્થા** ખાતે ક્રમ : ૩ મુજબ મેરીટ યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારો માટે રૂબરૂ પ્રવેશની પ્રક્રિયા. | ૦૫–૦૮–૨૦૧૫ થી ૦૭–૦૮–૨૦૧૫ |

પ્રવેશ મળ્યેથી તે જ સમયે ટ્યુશન ફી રોકડામાં ભરવાની રહેશે. પ્રવેશ કાયમ કરાવવા માટે જરૂરી અસલ પ્રમાણપત્રો આવશ્યક હોઈ સાથે રાખવાના રહેશે. ઉમેદવારે પ્રવેશ માટે સ્વખર્ચે જે તે સંસ્થા ખાતે જવાનું રહેશે. પ્રવેશ મળશે જ તેવી કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી.વધુ વિગત માટે સમિતિની વેબસાઈટ www.acpdc.in જોવા જણાવવામાં આવે છે. – મેમ્બર સેક્રેટરી.